**જિલ્લા તકેદારી સમિતિની બેઠકમાં ઉપસ્થિત રહેવા માટે જિલ્લાઓની ફાળવણી બાબત.**

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ હસલ–૧૦૨૦૦૩–૨૨૮૮–હ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખઃ 29 NOV 2003

**વંચાણે લીધો :**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૫–૫–૨૦૦૦ નો પરિપત્ર ક્રમાંકઃ –હસલ–૧૦૯૪–૧૬૦૩–હ.
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૮–૮–૨૦૦૩ નો પરિપત્ર ક્રમાંકઃ એસસીપી–૧૨૯૩–૯૬–મૂલ્યાંકન–૯૨૯–૯૮–ક.

**પ રિ પ ત્ર :**

આમુખ (૧) માં દર્શાવેલ તા.૧૫–૫–૨૦૦૦ ના પરિપત્રથી રાજયના તમામ જિલ્લાઓમાં જિલ્લા કક્ષાની જિલ્લા તકેદારી સમિતિમાં રાજય સરકારના પ્રતિનિધિનો સમાવેશ કરવાની સૂચનાઓ અમલમાં છે. આમુખ (૨) માં જણાવેલ વિભાગના તા. ૨૮–૮–૨૦૦૩ ના પરિપત્ર ક્રમાંકઃ એસસીપી–૧૨૯૩–૯૬–મૂલ્યાંકન–૯૨૯–૯૮–ક થી ખાસ અંગભૂત યોજનાના અમલીકરણ માટેની જિલ્લા અમલીકરણ સમિતિઓની બેઠકમાં રાજય સરકારના પ્રતિનિધિઓને ઉપસ્થિત રહેવા માટે જિલ્લાઓની પુનઃ ફાળવણી કરવામાં આવેલ છે. ખાસ અંગભૂત યોજનાની અમલીકરણ સમિતિની બેઠક તેમજ જિલ્લા તકેદારી સમિતિની બેઠક સામાન્ય રીતે એક જ દિવસે બોલાવવામાં આવતી હોય છે. આથી એક જ અધિકારી ધ્વારા આ બન્ને બેઠકોમાં હાજરી અપાય તે હેતુથી તેમજ જિલ્લા તકેદારી સમિતિમાં સરકારના પ્રતિનિધિ તરીકે હાજર રહી જિલ્લાની પરિસ્થિતિની જાણકારી મેળવી,તેના અનુસંધાને સરકાર કક્ષાએથી થતા સૂચનો તેમજ માર્ગદર્શન પુરા પાડવામાં આવે તે માટે નીચે પ્રમાણે તેમની સામે દર્શાવેલ જિલ્લાઓની પુનઃ ફાળવણી કરવામાં આવે છે.

| અ. નં. | અધિકારીનો હોદ્દો | કચેરીનો ફોન નંબર | ફાળવવામાં આવેલ જિલ્લાઓના નામ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | સંયુકત સચિવશ્રી (અત્યાચાર ધારો) | ૩૨૫૧૨૧૦ | વલસાડ, નવસારી, ગોધરા, રાજકોટ, દાહોદ, અમરેલી |
| ૨. | નાયબ સચિવશ્રી (મહેકમ) | ૩૨૫૧૨૦૭ | આણંદ, નર્મદા, કચ્છ, પોરબંદર, પાલનપુર, હિંમતનગર |
| ૩. | નાયબ સચિવશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ ) | ૩૨૫૧૨૦૯ | સુરત, જામનગર, ભાવનગર, મહેસાણા, પાટણ, ભરુચ. |
| ૪. | નાયબ સચિવશ્રી (સમાજ સુરક્ષા ) | ૩૨૫૧૨૧૩ | અમદાવાદ, જુનાગઢ, સુરેન્દ્રનગર, ગાંધીનગર, ખેડા, વડોદરા. |

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર નો જનરલ ફેકસ નંબર: ૩૨૫૪૮૧૭
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના ફેકસ નંબર: ૩૨૫૩૨૪૪.

૨. ઉપરોકત અધિકારીઓએ તેમને ફાળવવામાં આવેલ જિલ્લાઓની પ્રત્યેક ત્રિમાસિક ગાળા દરમ્યાન યોજવામાં આવતી જિલ્લા તકેદારી સમિતિની બેઠકમાં ઉપસ્થિત રહી અનુસૂચિત જાતિના લોકો પર થતા અત્યાચારના બનાવોની સમીક્ષા કરવાની રહેશે. અને આ અત્યાચારના બનાવો ઓછા બને તે અંગે વિવિધ સૂચનો પણ કરવાના રહેશે. અનિવાર્ય સંજોગોને કારણે તેઓ પ્રસ્તુત બેઠકમાં હાજર રહી શકે તેમ ન હોય તો તેમના તાબા હેઠળના સચિવાલય સંવર્ગના વર્ગ–૧ અથવા વર્ગ–૨ ના અધિકારીને મોકલવાનો પ્રબંધ અચૂક કરવાનો રહેશે. આવી બેઠકોમાં હાજર રહેવા માટે સંબંધિત અધિકારીઓએ વિભાગના વડાની મંજુરી લેવાની રહેશે નહિ. પરંતુ ફકત જાણ કરવાની રહેશે.

૩. જિલ્લા તકેદારી સમિતિની બેઠકમાં હાજર રહેનાર અધિકારીએ વિભાગની અત્યાચાર નિવારણ યોજનાની કામગીરી કરતી "હ" શાખાના એક સભ્યને હાજર રાખવાના રહેશે.

— ૩ —

૪. જિલ્લા તકેદારી સમિતિની બેઠકમાં સંબંધકર્તા અધિકારી સમયસર ઉપસ્થિત રહી શકે તે માટે જે તે સભ્ય સચિવશ્રીએ બેઠક અગાઉ ૧૦ (દસ) દિવસ પહેલાં સંબંધિત અધિકારીઓને જાણ કરવાની રહેશે અથવા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ફેકસ પર ફેકસ મેસેજ પાઠવવાનો રહેશે.

૫. અગાઉની બેઠકની કાર્યવાહી નોંધના મુદ્દાઓ તથા તે પરત્વે કરવામાં આવેલ કાર્યવાહી/ પૂર્તતા અહેવાલ અને મળનાર બેઠકનો એજન્ડા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરને મોકલી આપવાનો રહેશે.

૬. જીલ્લા તકેદારી સમિતિની સમીક્ષા બેઠક તેમજ ખા.અ.યો.ની સમીક્ષા બેઠક સોમવાર અને મંગળવાર સિવાયના એકજ દિવસે જુદા જુદા સમયે યોજવાની રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.કે.વર્સાત) ૨૯/૧૨/૦૩

સંયુકત સચિવ,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
- સંયુકત સચિવશ્રી (અત્યારચાર ધારો), સા.ન્યા.અને અધિ.વિભાગ.
- નાયબ સચિવશ્રી (મહેકમ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
- નાયબ સચિવશ્રી (અ.જા.ક.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
- નાયબ સચિવશ્રી (સમાજ સુરક્ષા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ (વર્ગ-૧)
- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત)
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / શાખા.
- સિલેકટ ફાઈલ.